# આકાશવાણી -ભુજ

## સમાચાર વાચક: તૌફીક સમા

## કમ્પ્યુટરરાઈઝ: મીત ગોર

**તારીખ :૧૩-૧૦-૨૦૨૪ રવિવાર** **સમય: સાંજે : ૬:૨૫**

## પી.એમ. ગતિશક્તિ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પીએમ ગતિશક્તિ રાષ્ટ્રીય માસ્ટર પ્લાનના ત્રણ વર્ષ પૂરા થવા પર પ્રશંસા કરતાં આ પહેલને ભારતના માળખાકીય ક્ષેત્ર માટે પરિવર્તનકારી ગણાવી છે.

સોશિયલ મીડિયાના માધ્યમથી શ્રી મોદીએ જણાવ્યું કે ગતિશક્તિ યોજનાએ મલ્ટિમોડલ કનેક્ટિવિટી નોંધપાત્ર રીતે વધારી છે અને વિવિધ ક્ષેત્રોમાં ઝડપી અને કાર્યક્ષમ વિકાસ સુનિશ્ચિત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. તેમણે જણાવ્યું કે વિવિધ હિસ્સેદારોના એકીકરણથી લોજિસ્ટિક્સ ક્ષેત્ર મજબૂત થયું છે અને રોજગારની નવી તકો ઊભી થઈ છે.પ્રધાનમંત્રીએ કહ્યું કે ગતિશક્તિ યોજના વિકસિત ભારતના સ્વપનને સાકાર કરવામાં ગતિ પ્રદાન કરી રહી છે અને આનાથી ઉદ્યમીતા અને નવીનતાને પ્રોત્સાહન મળશે.

RNU AHMDAVAD

---

## વરસાદ

પશ્ચિમ બંગાળની ખાડીમાં સર્જાયેલા વાવાઝોડા ની સિસ્ટમ ના કારણે સમગ્ર પશ્ચિમ કચ્છમાં વરસાદ નોધાયો છે આજે ફરી વરસાદી વાતાવરણ વચ્ચે વરસાદ વરસતા બે દિવસ બાદ જિલ્લાના અનેક સ્થળે આજે વરસાદી ઝાપટા વરસી પડતા માર્ગો ઉપર પાણી વહી નીકળ્યા હતા નખત્રાણા તાલુકાનાં વિવિધ ગામોમાં હળવાથી ભારે વરસાદી ઝાપટા વરસી પડ્યા હતા.

ભુજમાં પણ ગાજવીજ અને ભારે પવન સાથે ધોધમાર વરસાદ થી રસ્તા પર પાણી વહી નીકળ્યાં હતા. કચ્છ જીલ્લામાં હળવો વરસાદ વરસી રહ્યો છે દરમ્યાન જીલ્લા કંટ્રોલ રૂમ પર થી મળેલ માહિતી મુજબ સાંજે ૬.૦૦ વાગ્યા સુધીમાં કચ્છ જીલ્લા ના ભુજ તાલુકામાં માં ૫૭ મીમી અને નખત્રાણા તાલુકામાં માં ૨૧ મીમી વરસાદ નોધાયો છે.

તૌફીક સમાં

---

## જખૌ - સ્માર્ટ ઇન્ટિગ્રેટેડ ફીશ હાર્બર’

જખૌ બંદરને 121 કરોડના ખર્ચે ‘સ્માર્ટ ઇન્ટિગ્રેટેડ ફીશ હાર્બર’ તરીકે વિકસાવવામાં આવશે અને આ મત્સ્ય બંદરની ક્ષમતાને બમણી કરીને 500 જેટલી બોટ લાંગરી શકાય તેટલી ક્ષમતાની વધારાની એક જેટી બનાવવામાં આવશે.

દેશના ત્રણ મત્સ્ય બંદરને રૂ. 369.60 કરોડના ખર્ચે સ્માર્ટ ઇન્ટીગ્રેટેડ ફીશ હાર્બર તરીકે પીએમએમએસવાય યોજના અંતર્ગત વિકસાવવામાં આવશે, જેમાં ગુજરાતમાંથી એકમાત્ર જખૌ બંદરનો સમાવેશ કરાયો છે. અન્ય બંદરોમાં દીવ અને દમણના વણાકબારા પોર્ટને ,કરાઈકર પુડુચેરી ને ‘સ્માર્ટ ઇન્ટિગ્રેટેડ ફીશ હાર્બર’ તરીકે કેન્દ્ર સરકાર દ્વારા વિકસાવવામાં આવશે.

આ ઉપરાંત માછીમારો માટે ઓક્શન હોલ, માછલી સ્ટોરેજ કરી શકાય તે માટેનું સ્થાન, બરફ સંગ્રહ સ્થાન, માછલીની શોર્ટિંગ સહિતની વ્યવસ્થા કરવામાં આવશે.

હાલ માછીમારોને માછલી પ્રોસેસ માટે વેરાવળ, પોરબંદર, તેમજ અન્ય સ્થાને મોકલવામાં આવે છે, જે પ્રક્રિયા સ્થાનિકે જ થાય તે માટેના પ્લાન્ટ સહિતની સુવિધાઓ વિકસાવવામાં આવશે. વધુમાં માછીમારો માટે કેન્ટીન, પ્રાથમિક સુવિધાઓ સહિતના કામો કરવામાં આવશે. પોર્ટ પર વોચ ટાવર, પોર્ટની ચારે બાજુ દિવાલ બનાવવામાં આવશે અને ઇન અને આઉટ ગેટ બનાવવામાં આવશે, જેથી પોર્ટની સુરક્ષા વ્યવસ્થા વધુ સઘન બનશે.અત્રે ઉલેખનીય  છે કે, વૈશ્વિક મત્સ્ય ઉત્પાદનમાં લગભગ 8 ટકા હિસ્સો ધરાવતો ભારત બીજો સૌથી મોટો માછલી ઉત્પાદક દેશ છે.

તૌફીક સમાં

---

## રીજનલ સાયન્સ સેન્ટર - સ્પર્ધા

રિજનલ સાયન્સ સેન્ટર ભુજ દ્વારા ડોક્ટર એપીજે અબ્દુલ કલામના જન્મદિવસ પ્રસંગે આગામી તારીખ 15 ઓક્ટોબરે વિવિધ સ્પર્ધાઓનો આયોજન કરવામાં આવ્યું છે જેમાં ફેન્સી ડ્રેસ કોમ્પિટિશન,મોનો એક્ટ સ્પર્ધા, રોકેટ બનાવવાનું વર્કશોપ, અને ડોક્યુમેન્ટરી સો જેવા વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું છે. આ માટે વિદ્યાર્થીઓ આગામી તારીખ 14  ઓક્ટોબર સુધી વિદ્યાર્થીનું નામ,ઉંમર, સ્કૂલ નું નામ,વિધાર્થી  ના whatsapp મોબાઈલ નંબર અને જે સ્પર્ધામાં ભાગ લેવા માંગતો હોય તે સ્પર્ધા નું નામ,  મોકલી આપવાનું રહેશે

જાગૃતિ બેન વકીલ  તૌફીક સમાં

---

## ભુજ - નેત્રમ શાખા એવોર્ડ

વિશ્વાસ પ્રોજેકટ અંતર્ગત લગાવાયેલા સીસીટીવી કેમેરાનો ઉપયોગ કરી ગુનો ઉકેલવામાં પશ્ચિમ કચ્છ-ભુજ નેત્રમ શાખાને ગુજરાતમાં ત્રીજો નંબર પ્રાપ્ત થયો છે.રાજ્યના તમામ જીલ્લાઓના  વર્ષ 2024 ના ક્વાર્ટર-2 તા.1 એપ્રિલથી 30 જૂન સુધીના સમયગાળા દરમ્યાન સીસીટીવીનો ઉત્કૃષ્ઠ ઉપયોગ કરી કેસ ઉકેલવામાં મળેલ સફળતાની કામગીરીનુ મુલ્યાંકન કરાયું હતુ. મુલ્યાંકન બાદ કમીટી દ્વારા નેત્રમ શાખાને ગુનાનો ભેદ ઉકેલવાની “શોધ” કેટેગરીમાં ગુજરાત રાજ્યમાં ત્રીજો નંબર અપાયો હતો.ભુજ નેત્રમના કેમેરાની મદદથી આ ત્રિમાસિક સમયગાળામાં ચોરી, લૂંટ, અકસ્માત,મિસિંગ પર્શન, મિસીંગ થિંગ (મોબાઈલ, પર્સ, પાર્સલ ,કિંમતી ચીજ વસ્તુ),પોસ્ટ ઇન્સીડન્ટ ઇન્વેસ્ટીગેશન જેવા 86 કેસો શોધવામાં આવ્યા છે.નેત્રમ પીએસઆઇ કે.એન.મોરડીયાની ટીમના પોલીસ કોન્સ.હિતેશભાઈ દેસાઈએ ગાંધીનગર ખાતે ડીજીપી વિકાસ સહાયના હસ્તે પ્રમાણપત્ર સ્વીકાર્યું હતું.

તૌફીક સમાં

---